| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૦૬/૧૧/૨૦૨૩ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૧૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૧૬૪ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૨૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૮ બિયર ટીન, ૧ મોટર સાયકલ અને ૫ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૬,૪૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૨૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૮૨૧/૨૦૨૩

**ઈસનપુરઃ** ભરતભાઇ કુલચંદભાઇ પટેલ (રહે. અશોક ટેનામેન્ટ કેડીલા લેબ સામે ઘોડાસર) એ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૧૧/૨૦૨૩ રાતના ૧૧/30 થી તા.૦૫/૧૧/૨૦૨૩ કલાક ૫/00 વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૪0,000/- મળી કુલ રૂપિયા ૯૮,૫00/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જી.ચાવડા ચલાવે છે.

### સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૧૮૨૨/૨૦૨૩

**નવરંગપુરાઃ** લીલાબહેન વા/ઓ વાસુદેવભાઈ બાહેતી (ઉ.વ.૬૧)(રહે.પંચરત્ન ફ્લેટ એચ.સી.જી. હોસ્પીટલની બાજુમાં નવરંગપુરા) તા.૦૫/૧૧/૨૦૨૩ સવારના ૧૦/30 વાગ્યાના સુમારે નવરંગપુરા એચ.સી.જી.હોસ્પીટલ આગળ આવેલ ન્યુ મેન હટન ફ્લેટ નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક સ્કુટર ઉપર આવેલ બે પુરૂષ લીલાબહેન બાહેતીના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૧,૫0,000/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ લીલાબહેન બાહેતી એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એમ.ચૌધરી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૮૨૩/૨૦૨૩**

**નારોલઃ** જશુબેન વા/ઓ ભોપાભાઇ ભરવાડ (ઉ.વ.૭૫) (રહે. વેરાઇનગર સોસાયટી ગેબનશા દરગાહ પાસે નારોલ) એ બિમારીથી કંટાળી તા.૦૫/૧૧/૨૦૨૩ સવારના ૪/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સાંજના ૬/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.એ.ઘાસુરા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી